# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-06-2026 EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) **આજે સંવિધાન હત્યા દિવસ - પ્રધાનમંત્રીએ કટોકટી દરમિયાન લોકશાહી મૂલ્યોના રક્ષણમાં અડગ રહેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી.**
2) **ભારતે આજે હરિયાણાના ગુરુગ્રામમાં બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ 11મી બ્રિક્સ ઉર્જા મંત્રીઓની બેઠકનું આયોજન કર્યું.**
3) **ઉપરાષ્ટ્રપતિ અને સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે રાજ્યસભાના નવ નિર્વાચિત અને પુનઃચૂંટાયેલા દસ સભ્યોને શપથ લેવડાવ્યા.**
4) **વેનેઝુએલામાં બે શક્તિશાળી ભૂકંપમાં 164 લોકોના મોત અને 971 લોકો ઘાયલ.**
5) **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, યુકે સાથે મુક્ત વેપાર કરાર એ અત્યાર સુધીનો સૌથી વ્યાપક કરાર.**
6) **ICC મહિલા T20 વિશ્વ કપમાં, આજે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મુકાબલો.**

.......................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM – SAMVIDHAN HATYA DIVAS

આજે સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. તે 25 જૂન 1975 ના રોજ ભારતના બંધારણનો ભંગ કરવામાં આવ્યો ત્યારે શું થયું તેની યાદ અપાવે છે. આ દિવસ કટોકટીના અતિરેકથી પીડાતા દરેક વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સંવિધાન હત્યા દિવસ નિમિત્તે કટોકટી દરમિયાન લોકશાહી મૂલ્યોના રક્ષણમાં અડગ રહેલા તમામ લોકોને શ્રદ્ધાંજલિ આપી.

પ્રધાનમંત્રીએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી દ્વારા લખાયેલી કવિતાની પંક્તિઓ વાંચી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે વાજપેયીની શાશ્વત કવિતાઓ ભારતના લોકશાહી ઇતિહાસના સૌથી કાળા પ્રકરણોમાંના એકને અવાજ આપે છે.

પ્રધાનમંત્રીએ લોકોને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીના ભાવનાત્મક શબ્દો સાંભળવાની અપીલ કરી હતી.

# BRICS – MEETING MINISTERS

ભારતે આજે હરિયાણાના ગુરુગ્રામમાં વર્ષ 2026 માટે બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ 11મી બ્રિક્સ ઉર્જા મંત્રીઓની બેઠકનું આયોજન કર્યું હતું. આ બેઠકમાં બ્રિક્સ સભ્ય દેશોના ઉર્જા મંત્રીઓ, નાયબ મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. તેમાં મુખ્ય વૈશ્વિક ઉર્જા પડકારો અને ઉર્જા ક્ષેત્રમાં સહયોગ મજબૂત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. મંત્રાલયે જણાવ્યું હતું કે આ બેઠક 11મા બ્રિક્સ ઉર્જા મંત્રીઓના સંયુક્ત સંદેશાવ્યવહારને અપનાવવા સાથે સમાપ્ત થઈ હતી, જેમાં ઉર્જા સુરક્ષા, ટકાઉપણું, નવીનતા, સ્થિતિસ્થાપક માળખાગત સુવિધાઓ અને ક્ષમતા નિર્માણમાં સહયોગની પુષ્ટિ કરવામાં આવી હતી.

બેઠકમાં, કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે વિકાસશીલ દેશોની ટકાઉ વિકાસ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે દેશની ઉર્જા ઉત્પાદન ક્ષમતા આશરે 540 ગીગાવોટ છે. ભારત વિશ્વમાં વીજળીનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક અને ગ્રાહક દેશ તરીકે ઉભરી આવ્યો છે. ઉર્જા મંત્રીએ નોંધ્યું કે ભારતની સૌર ઉર્જા ક્ષમતા વર્ષ 2014 માં આશરે 3 ગીગાવોટથી વધીને 154 ગીગાવોટથી વધુ થઈ ગઈ છે.

બેઠકમાં ઉભરતી ઉર્જા તકનીકોમાં સહયોગને મજબૂત બનાવવા માટે હાઇડ્રોજન મૂલ્ય સાંકળ 2026 પર બ્રિક્સ સંયુક્ત અહેવાલને અંતિમ સ્વરૂપ આપવાની પ્રશંસા કરવામાં આવી હતી.

# REV.RS.OATH

ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે સંસદ ભવનમાં રાજ્યસભાના નવ નિર્વાચિત અને પુનઃચૂંટાયેલા દસ સભ્યોને શપથ લેવડાવ્યા.

શપથ લેનારાઓમાં આંધ્રપ્રદેશના તેલુગુ દેશમ પાર્ટીના સના સતીશ બાબુ, વિજય ચિંતાકાયલા અને બશ્યમ રામકૃષ્ણ અને જનસેના પાર્ટીના લિંગામનેની રમેશનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત અરુણાચલ પ્રદેશના ભાજપના તાઈ ટાગક, ઓડિશાના ભાજપના દેવાશીષ સામંતરાય, તમિલનાડુના કોંગ્રેસના પ્રવીણ ચક્રવર્તી અને ગુજરાતના ભાજપના રાજેશ પરમાનંદ શુક્લાએ પણ શપથ લીધા. તેમજ ઝારખંડ મુક્તિ મોરચાના વૈદ્યનાથ રામ અને ઝારખંડના અપક્ષ સભ્ય પરિમલ નથવાણીએ પણ રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા.

# REV.EAM-KOREA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે દુનિયામાં શસ્ત્રોનો વધતો ઉપયોગ, જોખમ લેવાનું પ્રમાણ અને સોશિયલ મીડિયા-આધારિત રાજકારણમાં વધારો જોવા મળી રહ્યો છે. દક્ષિણ કોરિયાના જેજુ ટાપુ પર આયોજિત શાંતિ અને સમૃદ્ધિ પરના પરિષદને સંબોધતા ડૉ. જયશંકરે કહ્યું કે દેશો તેમની શક્તિ અને તાકાતનું પ્રદર્શન કરવા માટે વધુ વલણ ધરાવે છે અને પહેલા કરતા ઓછા સંકોચ સાથે તેમની ક્ષમતાઓનો ઉપયોગ કરી રહ્યા છે. વિદેશ મંત્રીએ વધુમાં ઉમેર્યું કે વૈશ્વિક દક્ષિણને વધારે ક્ષમતા અને વધુ અવસર આપવા જોઈએ જેથી વૈશ્વિક વિકાસના નવા અવસર પ્રાપ્ત થશે.

(BYTE – JAISHANKAR OPPRTUNITIES )

# PREZ.MILITARY OFFICERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં લશ્કરી ઇજનેર સેવાના તાલીમાર્થી અધિકારીઓ સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે લશ્કરી ઇજનેર સેવાના અધિકારીઓની કુશળતા, સમર્પણ અને સખત મહેનત દેશની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે આ અધિકારીઓના પ્રયાસો સેના, નૌકાદળ અને વાયુસેનાના કર્મચારીઓને તેમની ફરજો અસરકારક રીતે નિભાવવા સક્ષમ બનાવે છે. તેમણે કહ્યું કે તેમનું કાર્ય માત્ર સલામત અને મજબૂત ભારત બનાવવા માટે જ નહીં, પરંતુ સ્વચ્છ, હરિયાળા અને ટકાઉ ભારત બનાવવા માટે પણ ફાળો આપવા હોવું જોઈએ.

# PM – AMAZON CEO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતમાં એમેઝોનના 48 અબજ ડોલરના રેકોર્ડ રોકાણનું સ્વાગત કર્યું. શ્રી મોદીએ નવી દિલ્હીમાં એમેઝોનના સીઈઓ એન્ડી જેસી સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે આ રોકાણ યુવાનો માટે નવી તકો ઊભી કરશે અને આ ભારતમાં રોકાણ કરવામાં વિશ્વભરમાં વધી રહેલી રુચિને પ્રતિબિંબિત કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# PM – SEYCHELLES VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 27 થી 29 જૂન સુધી સેશેલ્સની મુલાકાતે છે. આ દરમિયાન, તેઓ મુખ્ય અતિથિ તરીકે સેશેલ્સના રાષ્ટ્રીય દિવસના સુવર્ણ જયંતિ સમારોહમાં હાજરી આપશે. આ પ્રધાનમંત્રીની સેશેલ્સની બીજી મુલાકાત હશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ ભારતીય સશસ્ત્ર દળો અને બે ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજો પણ ઉજવણીમાં ભાગ લેશે. પ્રધાનમંત્રી સેશેલ્સની રાષ્ટ્રીય સભાને પણ સંબોધિત કરશે.

પ્રધાનમંત્રી મોદી સેશેલ્સના રાષ્ટ્રપતિ ડૉ. પેટ્રિક હર્મિની સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. બંને નેતાઓ પરસ્પર સહયોગના વિવિધ ક્ષેત્રોની સમીક્ષા કરશે અને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા કરશે.

# EVE.VENEZUELA –EARTHQUAKE

વેનેઝુએલામાં બે શક્તિશાળી ભૂકંપમાં 164 લોકોના મોત અને 971 લોકો ઘાયલ થયા છે. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 7.2 અને 7.5 હતી. આ એક સદી કરતાં વધુ સમયમાં વેનેઝુએલામાં આવેલા સૌથી શક્તિશાળી ભૂકંપ છે. વેનેઝુએલાની રાજધાની કારાકાસથી લગભગ 1 હજાર 700 કિલોમીટર દૂર બ્રાઝિલના એમેઝોન પ્રદેશ સુધીની ઇમારતો ખાલી કરાવવામાં આવી છે.

આ ભૂકંપ બાદ કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝે કટોકટીની સ્થિતિ સાથે જ આગામી સૂચના સુધી વિદ્યાર્થીઓ માટે વર્ગો સ્થગિત કરવાની જાહેરાત કરી છે. કટોકટી ટીમો અનેક સ્થળોએ રાહત અને બચાવ કામગીરી કરી રહી છે. મૃતકો અને ઘાયલોની સંખ્યા વધવાની સંભાવના છે.

# WORLD LEADERS – EARTHQUAKE

વિનાશક ભૂકંપ બાદ વિશ્વભરના નેતાઓએ વેનેઝુએલાના લોકો સાથે એકતા વ્યક્ત કરી છે અને સહાયનું વચન આપ્યું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં વેનેઝુએલાની સરકાર અને લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે શક્ય તેટલી બધી જ સહાયની ખાતરી આપી છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે યુએસ સરકારી એજન્સીઓને ઝડપી પ્રતિભાવ માટે તૈયાર રહેવા અને જરૂર મુજબ સહાય પૂરી પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ નાયબ બુકેલેએ જણાવ્યું હતું કે રાહત કાર્યમાં મદદ કરવા માટે 300 બચાવ કાર્યકરો અને પેરામેડિક્સ, 50 ટન સાધનો, દવાઓ અને આવશ્યક પુરવઠો તૈયાર છે.

એક્વાડોરના રાષ્ટ્રપતિ ડેનિયલ નોબોઆ, સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ, ક્યુબાના વિદેશમંત્રી બ્રુનો રોડ્રિગ્ઝ પેરિલા, ઉરુગ્વેના રાષ્ટ્રપતિ યામુન્ડો ઓર્સી અને ચિલીની સરકારે પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો અને વેનેઝુએલા પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું.

# JAPAN – EARTHQUAKE

આજે સવારે ઉત્તરપૂર્વીય જાપાનમાં 7.2 ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેમાં ચાર લોકો ઘાયલ થયા. ભૂકંપનું કેન્દ્ર ઇવાટે પ્રીફેક્ચરના દરિયાકાંઠે આશરે 40 કિલોમીટરની ઊંડાઈએ હતું. ટોક્યો સહિત અનેક પ્રીફેક્ચરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, પરંતુ સુનામીની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી ન હતી. અધિકારીઓએ લોકોને સતર્ક રહેવાની સલાહ આપી હતી.

# GOYAL-FTA-UK

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે ભારત અને યુકે વચ્ચેનો મુક્ત વેપાર કરાર ભારત દ્વારા હસ્તાક્ષર કરાયેલા સૌથી વ્યાપક કરારોમાંનો એક છે. લંડનમાં ઇન્ડિયા ગ્લોબલ ફોરમના યુકે-ઇન્ડિયા વીક કાર્યક્રમમાં બોલતા, શ્રી ગોયલે જણાવ્યું હતું કે આ કરારથી બંને દેશોને આર્થિક લાભ થવાની સંભાવના પ્રચંડ છે.

શ્રી ગોયલ યુકેની ત્રણ દિવસની મુલાકાતે છે, જે 15 જુલાઈથી અમલમાં આવનાર ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરારની તૈયારીઓની સમીક્ષા કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ કરાર બંને દેશો વચ્ચે આશરે 48 અબજ પાઉન્ડના વાર્ષિક વેપારને વધુ વેગ આપશે.

કેન્દ્રીય મંત્રીએ નોંધ્યું હતું કે ભારત અને યુકે સંરક્ષણ અને મહત્વપૂર્ણ ખનિજો જેવા ક્ષેત્રોમાં પણ સહયોગનો વિસ્તાર કરી રહ્યા છે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે બંને દેશો આતંકવાદનો સામનો કરવા અને વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# TEACHERS AWARDS

શિક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો 2026 માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા આ અરજીઓ 10 જુલાઇ સુધી કરી શકાશે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારો દર વર્ષે શાળા શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય, નવીનતા અને સમર્પણ દર્શાવનારા શિક્ષકોને આપવામાં આવે છે. તેનો હેતુ શિક્ષકોના યોગદાનને ઓળખવાનો અને પ્રોત્સાહન આપવાનો છે.

# T20 WC- TOSS

આઈસીસી મહિલા T20 વિશ્વ કપમાં, માન્ચેસ્ટરના એમિરેટ્સ ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ગ્રુપ A મુકાબલામાં બાંગ્લાદેશ અને ભારત વચ્ચે મેચ ચાલી રહી છે. બાંગ્લાદેશે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે બાંગ્લાદેશે 12 ઓવરમાં 2 વિકેટે 75 રન કર્યા હતા.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની મહિલા ટીમ હાલમાં ગ્રુપ A માં બીજા સ્થાને છે, જેણે ત્રણમાંથી બે મેચ જીતી છે. બાંગ્લાદેશે પણ બે મેચ જીતી છે, પરંતુ ઓછા નેટ રન રેટને કારણે તેઓ ચોથા સ્થાને છે.

# FIFA WORLD CUP

ફીફા વિશ્વ કપમાં, કુરાકાઓ આજે રાત્રે ગ્રુપ E મેચમાં આઇવરી કોસ્ટ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 1 વાગીને 30 મિનિટે શરૂ થશે. ગ્રુપ E ની બીજી મેચમાં, ઇક્વાડોર, અમેરિકાના પૂર્વ રૂથરફોર્ડમાં જર્મની સામે ટકરાશે.

અગાઉ, જાપાન આવતીકાલે સવારે ગ્રુપ F મેચમાં સ્વીડન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા 4 વાગ્યે શરૂ થશે. અન્ય મેચમાં, ટ્યુનિશિયા, USA ના કેન્સાસ સિટીમાં નેધરલેન્ડ્સ સામે ટકરાશે.

આ પહેલા, દક્ષિણ આફ્રિકા આજે સવારે મોન્ટેરીમાં દક્ષિણ કોરિયા સામે 1-0થી જીત મેળવીને પ્રથમ વખત નોકઆઉટ તબક્કામાં પહોંચ્યું હતું.